For Private Circulation Only

# B.P.A. Bulletin

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD

Devoted to Comprehensive Development Of Persons with Disabilities

YEAR 2022-23 ▲ VOLUME : I ▲ APRIL-2023

(This Bulletin is available on website : www.bpaindia.org)

BULLETIN

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## ભારત સરકાર સચિવશ્રી મુલાકાત



દિવ્યાંગ વ્યક્તિઓનાં સશક્તિકરણ વિભાગના ભારત સરકારના સચિવશ્રી રાજેશ અગ્રવાલે બીપીએની મુલાકાત તા. ૦૪-૦૨-૨૦૨૩ નાં રોજ લીધી હતી અને સંસ્થાના વિવિધ વિભાગ, બ્રેઈલ પ્રેસ અર્લી ઈન્ટરવેન્શન, વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર, ટેકનોલોજી લેબ, આઈ.ટી.આઈ, ફિઝીયોથેરાપી સ્કુલ, ઓર્થોટિક વર્કશોપ વગેરે વિભાગની તલસ્પર્શી જાણકારી મેળવી સંસ્થા દ્વારા થતાં ટીમ વર્કની સરાહનીય નોંધ લઈને પુનઃ સંસ્થામાં આવી બાકી અન્ય વિભાગોની પ્રત્યક્ષ મુલાકાત લેવાની અભિવ્યક્તિ વ્યક્ત કરી હતી.

## એવોર્ડ



બીપીએમાં શૈક્ષણિક તાલીમ કેન્દ્રમાં ફરજ અદા કરતાં સ્પે. શિક્ષકશ્રી ચૈતાલી પટેલે, વી.આઈ એમ.ડી યુનિટ કામગીરી તેઓની બેસ્ટ કેર ગીવર સન્માનમાં ભગવતીબેન સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) નેટવર્ક્સનાં સમાપન સમારોહમાં નવી દિલ્હી ખાતે એવોર્ડ તા. ૧૫/૦૩/૨૦૨૨ નાં રોજ પ્રાપ્ત થયો હતો.

## દિવ્યાંગ પ્રોત્સાહન સમારોહ




લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ 3232B1 નાં સૌજન્યથી વર્ષ-૨૦૨૨-૨૩ માં ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે આયોજીત કરવામાં આવી હતી તેમાં દિવ્યાંગ પ્રોત્સાહન સમારોહ તા.૦૭/૦૪/૨૦૨૩ ના રોજ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી તેઓનાં સેશનમાં દિવ્યાંગજનોનાં વિષયક જાણકારી આપી હતી.

## આઈસીઈવીઆઈ જોઈન્ટ વર્લ્ડ કોન્ફરન્સ-૨૦૨૪




વર્ચ્યુઅલ જોઈન્ટ ઉચ્ચસ્તરીય બેઠક વર્લ્ડ કોન્ફરન્સ પ્લાનીંગ માટેની અમદાવાદ ખાતે નવેમ્બર - ૨૦૨૪માં આયોજીત થઈ રહી છે તે માટે બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી ડૉ. ભૂષણ પુનાની, શ્રીમતિ નંદિની રાવલ, શ્રીમતિ વિમલ થવાણી અને શ્રી અખિલ પોલ આ મિટીંગમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિ.નાં વાઈસ ચાન્સેલર ડૉ. અમી ઉપાધ્યાયને આ યોજાનારી વર્લ્ડ કોન્ફરન્સ અંગેજોઈન્ટ કોન્ફરન્સમાં કોલો બ્રેટીંગ પાર્ટનર તરીકેની ભૂમિકાની સમજ આપી હતી.



## બેસ્ટ એક્સેલેન્સ એવોર્ડ



નવી દિલ્હી, નેશનલ કોન્ક્લેવ ઈન્ક્લુઝીવ ખાતે બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશનને સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) તરફથી બેસ્ટ એક્સેલેન્સ એન.જી.ઓનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

## આનંદધામમાં જન્મદિન ઉજવણી



દિવ્યાંગજનોનાં સતત શિક્ષણ, પુનર્વસન, રોજગાર ક્ષેત્ર માટે બીપીએ હંમેશા કાર્યરત છે. બીપીએમાં દર માસે જન્મદિન નિમિત્તે કર્મચારીશ્રીઓનો સન્માન કરવાનો તેમજ પદાધિકારીશ્રી ટ્રસ્ટીશ્રીની તિથિ પ્રમાણે જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. અહીં તા. ૦૧/૦૨/૨૦૨૩ નાં રોજ બીપીએનાં સમગ્ર સ્ટાફ, ટ્રસ્ટીશ્રીઓ અને સ્વયં સેવકોએ એક દિવસ પીકનીક સહ શાહી ભોજનનો રસાસ્વાદ માણી શાનદાર જન્મદિવસની ઉજવણી આનંદધામ સેન્ટર ખાતે કરી હતી.

## ઈન્ડિયા-ઓસ્ટ્રેલિયા ટીમ નિહાળી



સંસ્થાના દ્રષ્ટિક્ષતિ ૧૦૦ વિદ્યાર્થીઓએ અમદાવાદનાં મોટેરા ખાતે શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં રમાયેલ ભારત-ઓસ્ટ્રેલિયા ટુર્નામેન્ટનો ભરપૂર આનંદ તારીખ : ૧૧/૦૩/૨૦૨૩ નાંરોજ માણ્યો હતો. આ સમયે સમગ્ર આયોજક ટીમે વિદ્યાર્થીઓને વી.આઈ.પી જેવી સુવિધા સ્ટેડીયમમાં ઉપલબ્ધ કરાવી હતી તેથી વિદ્યાર્થીઓ પણ ખૂબજ ખુશ થયા હતા.

## કન્વેશન કાર્યક્રમ



ઉત્તર પ્રદેશનાં (યુ.પીનાં) વારાણસી ખાતે રાજ્ય સ્તરીય લેવલનો કન્વેશન કાર્યક્રમ તારીખ : ૨૫ અને ૨૬ માર્ચ - ૨૦૨૩ નાં રોજ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બીપીએનાં એડવોકેસી મેનેજર શ્રી કિન્નરી દેસાઈએ ભાગ લીધો હતો.



## આંતરરાષ્ટ્રીય પેરા એથ્લેટીક્સ



આંતરરાષ્ટ્રીય ઓપન પેરા એથ્લેટીક્સ શારજહા-૨૦૨૩ ની હરિફાઈમાં બીપીએનાં વિદ્યાર્થી શ્રી ખોડાજી ઠાકોરે પેરા એથ્લેટીક્સ ચેમ્પીયનશીપમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો.

## સ્પે. લંચ કાર્યક્રમ



બીપીએ લાયન્સ કર્ણાવતી હોસ્ટેલનાં વિદ્યાર્થીઓને જમવા માટે "બેરાબેક્યુ નેશનલ" સાઉથ બોપલ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા. ૧૯/૦૩/૨૦૨૩નાં રોજ યોજાયો હતો તેમાં કર્ણાવતી હોસ્ટેલનાં સુપરવાઈઝરશ્રી કુસુમબેન વાઘેલાને આમંત્રિત કરીને સ્પે. લંચ દિવ્યાંગજનોને આપવામાં આવ્યું હતું.



## સ્વરોજગાર કીટ વિતરણ







દિવ્યાંગજનોને સ્વરોજગાર પ્રાપ્ત થાય અને તેઓ પોતાનું સ્વજીવન સુવ્યવસ્થિત રીતેવ્યતીત કરી શકે તે માટે જરૂરીયાત મંદ દિવ્યાંગજનોને સાધન સહાય માં ૧૦૮ સ્વરોજગાર કીટનું વિતરણ કરવામાં આવ્યું તેમાં ડાંગ, શીવરીમલ ખાતે મફતલાલ ગૃપનાં સી.એસ.આર બજેટમાંથી ફાળવણી કરવામાં આવી હતી અને તારીખ : ૩૧/૦૧/૨૦૨૩નાં રોજ કીટ આપવામાં આવી હતી.



## તાલીમ




બધિરાંધ વ્યક્તિઓનાં સ્પે. એજ્યુકેટર શ્રી કૃપાબેન વેલાણીએ તા. ૧, ફેબ્રુઆરી, ૨૦૨૩ નાં રોજ સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા આયોજીત પ્રોજેક્ટ મેનેજમેન્ટ રાષ્ટ્રીય તાલીમમાં હાજરી આપી હતી અને થીયરી ઓફ ચેન્જ, નવી પદ્ધતિ PMEL નો પરિચય કરાવ્યો હતો.


## સિલાઈ મશીન વિતરણ



કે.સી.આર.સી ભૂજમાં સમસરા ગૃપનાં સહયોગથી દિવ્યાંગજનોને સિલાઈ મશીન વિતરણ કરવાનો કાર્યક્રમ તારીખ : ૦૫-૦૨-૨૦૨૩ નાં રોજ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમસરા ગૃપનાં સી.ઈ.ઓ શ્રી મુકેશ ઓઝા અને બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષી ઓનલાઈન (વર્ચ્યુઅલ) કાર્યક્રમમાં જોડાયા હતાં.

## સાધન સહાય કેમ્પ





દિવ્યાંગજનો સરળતાથી જીવનમાં હરી-ફરી શકે તે માટે દાહોદ ખાતે તારીખ ૦૬-૦૨-૨૦૨૩ નાં રોજ કૃત્રિમ અંગો માટેનો એસેસમેન્ટ કેમ્પ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં દિવ્યાંગજનોને ચકાસણી કરીને તેઓને સાધન સહાય આપવા માટે માપ લેવામાં આવ્યું હતું અને ૨૦ જરૂરીયાતમંદ દિવ્યાંગજનોને સાધન-સહાય મફતલાલ ગૃપનાં સી.એસ.આર હેઠળ આપવામાં આવ્યા હતા.



## સી.એસ.આર. સહાય વિતરણ




એન.એ.બી સુરેન્દ્રનગરનાં શ્રી કનુભાઈ ગઢવીનાં સૌજન્યથી અને ઈપીએસ ટીમનાં સહયોગથી ૭૫ લાભાર્થીઓને લોડસ્ટોન કંપની સી.એસ.આર માધ્યમથી સ્વરોજગાર સહાયનું વિતરણ તા. ૧૩/૦૩/૨૦૨૩ નાં રોજ સુરેન્દ્રનગર જિલ્લાનાં પાટડી ખાતે કરવામાં આવ્યું હતું. આ સમયે એન.એ.બી સુરેન્દ્રનગરનાં ટ્રસ્ટીશ્રી દ્વારા તેમના તરફથી આ સમયે આવેલા તમામ લાભાર્થીઓને સહાય અપાવવા તેમની સાથે આવેલા પરિજનોને પણ સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું.



## વર્લ્ડ ઓપ્ટોમેટ્રી ડે ઉજવણી




બીપીએનાં નેજા તળે ચાલતા સેન્ટર શેઠ જમનાદાસ ભગુભાઈ બીપીએ સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી, બારેજા ખાતે ઓપ્ટોમેટ્રી દિવસની ઉજવણી તારીખ : ૨૩/૦૩/૨૦૨૩ નાં રોજ કરવામાં આવી હતી.

## આંતરરાષ્ટ્રીય એબિલિંપીક્સ - ૨૦૨૩





અંધજન મંડળનાં સેક્રેટરી ડૉ. ભૂષણ પુનાનીને આંતરરાષ્ટ્રીય એબિલિંપીક્સ-૨૦૨૩ ફ્રાન્સમાં રમતનાં નિર્ણાયકશ્રી તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ આંતરરાષ્ટ્રીય એબિલિંપીક્સમાં ભારત તરફથી દિવ્યાંગ પ્રતિસ્પર્ધીઓએ પણ ભાગ લીધો હતો. દિવ્યાંગજનો પૈકી ૧ ગોલ્ડ, ૨ સિલ્વર, ૩ બ્રોન્ઝ અને ૧ મેડલ ઓફ એક્સેલેન્સ એવોર્ડ રમતવીરોએ જીત્યા હતા.

## સી.આર.સી સેન્ટર મુલાકાત





બીપીએ સંચાલિત ભૂજ ખાતે ચાલતાં કે.સી.આર.સીનાં ડે-કેર સેન્ટરની મુલાકાતે તારીખ: ૦૬-૦૪-૨૦૨૩ થી ૦૭-૦૪-૨૦૨૩ નાં રોજ બીપીએનાં શ્રી વિમલ થવાણી, શ્રી કિન્નરી દેસાઈ, શ્રી કૃપા વેલાણી અને શ્રી દિપા જોશી ગયા હતા. તેમાં શ્રી વિમલ થવાણી અને શ્રી કિન્નરી દેસાઈએ નખત્રાણા વિઝન સેન્ટરની મુલાકાત લઈને સાથેસાથે લોહાણા મહાજન ટીમ સાથે પણ મુલાકાત કરી હતી.

## આધાર શિબિર



ઘણા બધા વિક્લાંગ બાળકો તેમની હલન-ચલનની તેમજ માનસિક અસ્થિર પરિસ્થિતિને કારણે આધારકાર્ડ મેળવી શકતા નથી પરિણામ સ્વરૂપે - પુરાવા વગર તે સરકારશ્રીનાં લાભોથી વંચિત રહી જાય છે એટલે આ બાળકોને માટે ખાસ આધાર શિબિરનું આયોજન તા. ૧૧/૦૨/૨૦૨૩ નાં રોજ બીપીએ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. તેમજ આ આધારકાર્ડ કાઢી આપવા માટે આવેલા કર્મચારીશ્રીઓ પણ દિવ્યાંગજનોની સમસ્યાથી વાકેફ થયા હતા. આમ તેઓની સમસ્યાને ધ્યાનમાં રાખીને દિવ્યાંગજનોને તેઓએ સહકાર આપ્યો હતો અને તમામ બાળકોનાં આધારકાર્ડ કાઢવાની પ્રક્રિયામાં સમય ફાળવ્યો હતો. આ સમયે ગંભીર દિવ્યાંગજનોને આધાર કાર્ડ મળતા તેઓનાં વાલીશ્રી પણ ખુશ થયા હતા.

## શંકુંતલા મિશ્રા યુનિવર્સિટી પેનલ મુલાકાત



દિવ્યાંગજનોનાં શિક્ષણ માટે ઉત્તર પ્રદેશનાં મહામહીમ રાજ્યપાલશ્રી આનંદીબેન પટેલનાં માર્ગદર્શનથી ત્રણ અધિકારીશ્રીઓની પેનલ શકુંતલા મિશ્રા યુનિવર્સીટી, લખનૌથી બીપીએની મુલાકાતે આવ્યા હતા. તેઓએ સંસ્થામાં ચાલતા વિવિધ વિભાગોમાં દિવ્યાંગજનોની પ્રવૃતિઓ નિહાળી હતી. તેઓએ જણાવ્યું હતું કે અમારી યુર્નિ આ તબક્કે ટૂંક સમયનાં ભવિષ્યમાં બીપીએ સાથે યુર્નિ ને સાંકળીને દિવ્યાંગજનોનાં હિતાર્થે કાર્ય કરશે.

## સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા રાષ્ટ્રીય સેમીનાર



દિવ્યાંગજનો માટે તા. ૧૩ થી ૧૫ માર્ચ ૨૦૨૩ દરમિયાન સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયાએ પ્રોફેશનલ વ્યાવસાયિક અભ્યાસક્રમ મોડ્યુલ બનાવવા એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કર્યું હતું તેમાં શ્રી કૃપા વેલાણી, શ્રી જીજ્ઞા જોશી અને કુ. ચૈતાલી પટેલે ભાગ લીધો હતો.



## મફત ભોજન સેવા









બીપીએ પોરેચા હોસ્પિટલ દ્વારા તા.૦૪/૦૪/૨૦૨૩ નાં રોજ બારેજા ગામમાં જરૂરીયાત મંદ ગરીબ વ્યક્તિઓને માટે મફત ભોજન સેવા એઝ્યોર ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવી હતી.

## ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન





ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના પદાધિકારીશ્રી પિયુષ પટેલ અને મહેશ સુથારે બીપીએ પોરેચા આંખની હોસ્પિટલની મુલાકાત લીધી હતી તેમાં તેમણે આ દરમિયાન હોસ્પીટલનાં ઓપરેશન થીયેટરનું નિરીક્ષણ કર્યુ હતું. તેમજ સી.એસ.આર ફંડ સહયોગ કર્યો હતો.

## સંજીવની ડે-કેર સેન્ટર-ધોળકા



તા. ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૩ નાં રોજ સંજીવની ડે-કેર સેન્ટર ધોળકા ખાતે વાલીઓની મિટીંગ યોજાઈ હતી. આ મિટીંગમાં ૨૫ વાલીઓએ હાજરી આપી અને પોતાના દિવ્યાંગ બાળકોની શ્રુશુષા કેવી રીતે કરવી તેની જાણકારી મેળવી હતી. આ મિટીંગમાં શ્રી કૃપા વેલાણીએ બાળકો માટે સ્વચ્છતા, નિયમિત હાજરી, કાર્યાત્મક પ્રવૃતિઓ તેમજ એપીલેપ્સી મેનેજમેન્ટ પર વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી.

## વાત્રક હોસ્પિટલ મીટીંગ



બીવાયપી આંખની હોસ્પિટલમાં તા.૨૫/૦૪/૨૦૨૩ નાં રોજ કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ અને એસ.વી.સી.ટીનાં બોર્ડ મેમ્બર્સની મીટીંગ થઈ હતી તેમાં બીપીએનાં જનરલ સેક્રેટરી શ્રી ડો. ભૂષણ પુનાની, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીનીબેન રાવલ, બીપીએ પોરેચા હોસ્પિટલનાં ડાયરેક્ટરશ્રી ધર્મેન્દ્ર જૈના અને બીપીએનાં ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.



## પ્રર્કિન્સ ઈન્ડિયા મીટીંગ



ન્યૂ દિલ્હી ખાતે તા. ૧૩/૦૪/૨૦૨૩ નાં રોજ પ્રર્કિન્સ ઈન્ડિયાની મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં બીપીએનાં પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, વિમલ થવાણી, સ્પે. એજ્યુકેટરશ્રી કૃપા વેલાણી અને શ્રી જીજ્ઞા જોશી ઉપસ્થિત રહ્યાં હતાં.

## સ્ટોલ પ્રદર્શન



ડૉ. બી.આર આંબેડકર યુનિવર્સીટી, અમદાવાદ ખાતે તારીખઃ ૧૪/૦૪/૨૦૨૩ નાં રોજ પ્રદર્શન યોજાયેલ તેમાં ગુજરાત રાજ્યનાં મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્યશ્રી દેવવ્રતે મુલાકાત લીધી હતી આ સમયે બીપીએનાં વોકેશનલ ટ્રેનીંગ યુનિટનાં સ્ટોલની મુલાકાતથી પ્રભાવિત થયા હતા.

## વરિષ્ઠ મિત્રમંડળ-સહયોગ



રોહિણી અશ્વિની ગાર્ડન મિત્ર મંડળ દ્વારા છેલ્લા બે દાયકાથી જન સેવામા કાર્યરત છે. આમ તેઓ આસપાસનાં વિસ્તારની સોસાયટીમાં દિવ્યાંગજનોનાં લાભાર્થે ઘરમાં રહેલી ચીજવસ્તુઓ જૂના કપડા, રમકડા, ફર્નિચર, બિનજરૂરી સાધન સામગ્રી જે પસ્તીમાં કે ફેરિયાને ન આપીને અંધજન મંડળને આપે છે. આ ચેરીટીથી દિવ્યાંગજનોને સહાય થાય છે તેમજ મોતિયાનાં ઓપરેશન માટે પણ રકમ એકત્રીકરણ કરીને પણ સહયોગ આપી રહ્યા છે. આ ટીમે તારીખ :૦૪/૦૪/૨૦૨૩ નાં રોજ મોતિયાની શસ્ત્રક્રિયા માટે રૂ બે લાખ ચૌદ હજાર ચારસોની રકમ નો ચેક સંસ્થાને અર્પણ કર્યો હતો તેમજ તેઓએ સંસ્થાની મુલાકાત દરમિયાન દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓની ચેસ રમવાની પધ્ધતિ જાપાનીઝ થેરાપી વિભાગોનું નિરીક્ષણ કરી ભાવવિભોર થયા હતા.

## શૈક્ષણિક પ્રવાસ



ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સ (TISS) મુંબઈના વિદ્યાર્થીઓએ તા. ૧૭ થી ૨૦ એપ્રિલ - ૨૦૨૩ સુધી શૈક્ષણિક પ્રવાસમાં બીપીએની મુલાકાત કરી હતી. આ પ્રવાસમાં બે વિદ્યાર્થીઓ મ્યાનમારનાં હતા.

## રાષ્ટ્રીય એથ્લેટીક્સ

દિવ્યાંગજનો રમત-ગમત ક્ષેત્રે આગવુ સ્થાન પ્રાપ્ત કરી રહ્યા છે. અહીં રાષ્ટ્રીય પેરા જુનિયર તેમજ સબ જુનિયર એથ્લેટીક્સ ચેમ્પીયનશીપ તા. ૧૪/૦૨/૨૦૨૩ નાં રોજ રમતગમતમાં રસરૂચિ ધરાવતાં દ્રષ્ટિક્ષતિ રમતવીરોની ચેમ્પીયનશીપ - ૨૦૨૩ યોજાઈ હતી.



## ફંડ રેઈઝીંગ તાલીમ



દિવ્યાંગજનોનાં સર્વાંગી વિકાસાર્થે નાણાંકીય ભંડોળની પણ આવશ્યકતા હોય છે ત્યારે આ નાણાંકીય ભંડોળ કઈ રીતે એકત્રીકરણ અને ઉપયોગી થઈ શકે તે માટે તારીખ : ૨૨/૦૪/૨૦૨૩ નાં રોજ બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોશી તેમજ ફંડ રેઈઝીંગનાં ઓફિસર  શ્રી હર્મિશ મોદીએ પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ તબક્કે દિવ્યાંગજનોનાં હિતાર્થે  ફંડ રેઈઝીંગમાં ભાગ લેનાર ઉપસ્થિત પ્રતિનિધિઓએ સેમીનારની સફળતા દર્શાવી હતી.

## આઈઆઈએમ સેમિનાર



ઓલ ઈન્ડિયા કાઉન્સીલ બ્લાઈન્ડ અને બીપીએની દ્રષ્ટિક્ષતિ મહિલાઓ માટે આઈ.આઈ.એમ માં તા. ૨૭/૦૪/૨૦૨૩ નાં રોજ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બીપીએનાં એડવોકેસી મેનેજર શ્રી કિન્નરી દેસાઈએ દ્રષ્ટિક્ષતિ મહિલાઓની લીડરશીપ વિશે સઘન ખ્યાલ આપ્યો હતો. જ્યારે અન્ય વિષયો ઉપર બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી તેમજ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી તેમજ ટેકનોલોજી વિભાગનાં શ્રી આર.પી.સોની એ તાલીમમાં વિશેષ સેશન લીધા હતા.

## માસ્ટર ટ્રેનર્સ તાલીમ



દિવ્યાંગજનોમાં બધિરાંધને જીવન ઉપયોગી તાલીમમાં વિશેષ કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે માટે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું અહીં સેન્સ ઈન્ડિયા દ્વારા માસ્ટર્સ ટ્રેનીંગની તાલીમ તારીખ : ૧૬/૦૨/૨૦૨૩ નાં રોજ કરવામાં આવી હતી.આ તાલીમમાં બીપીએનાં વિશિષ્ટ શિક્ષકશ્રી ચૈતાલી પટેલે,  શ્રી ધરતી વ્યાસ અને શ્રી રંજન ઠાકોરે માસ્ટર્સ ટ્રેનર્સની તાલીમમાં ભાગ લીધો હતો. આ તાલીમમાં સ્પે. જરૂરિયાત , સમ્મિલિતશાળાનાં ૨૪ કર્મચારીશ્રીઓએ આ કાર્યક્રમની વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લીધો હતો.



## સિલાઈ તાલીમ શુભારંભ



દિવ્યાંગજનો સિલાઈ વ્યવસાયમાં વધુ નિપુણતા કેળવી શકે તે માટે સિલાઈની તાલીમ પ્રાપ્ત કરતાં તાલીમાર્થીઓ માટે ત્રણ નવા સિલાઈ મશીનનું ઉદ્ઘાટન તારીખ : ૨૨/૦૩/૨૦૨૩નાં રોજ બીપીએનાં ટેલરીંગ વિભાગમાં કરવામાં આવ્યુ હતું.

## તાન્યા કોમ્પ્યુટર - કાર્યક્રમની મુલાકાત



તાન્યા કોમ્પ્યુટર સેન્ટર બીપીએનાં દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ માટે ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) દ્વારા ઓરીએન્ટેડ મુલાકાત તા.૨૩/૦૨/૨૦૨૩ નાં રોજ આયોજીત કરવામાં આવી હતી.

## ઓસીટી મશીન ઉપયોગ નિરીક્ષણ



આંખની હોસ્પિટલ બારેજા ખાતે દ્રષ્ટિની સાર-સંભાળ માટે જરૂરીયાતમંદ દર્દીઓની આંખની સારવાર કરવામાં અદ્યતન સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં આંખનાં દર્દીઓની વધુ સાર-સંભાળ માટે ઓપરેશન થીયેટરમાં ઓસીટી મશીન જાપાનની અદ્યતન કંપની દ્વારા બારેજા આંખની હોસ્પિટલને આપવામાં આવ્યા હતા. જાપાનથી આવેલા ડો. ફુકાહોરી યાસુકતા અને વાઈસ કોન્સ્યુઅલ શ્રી નોરીતાકા તૌએ પોરેચા આંખની હોસ્પિટલની મુલાકાત તારીખ : ૩૧/૦૧/૨૦૨૩ નાં રોજ લીધી અદ્યતન સાધનોનો ઉપયોગ સુવ્યવસ્થિત થઈ રહ્યાનું જાણી હતી અને આંગનતુકો પ્રભાવિત થયા હતા.



## યુનિયન બેંક સહયોગ




અંધજન મંડળ સંચાલિત દ્રષ્ટિહીનોની નિવાસી શાળાની અંદર અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાનાં સી.એસ.આર દ્વારા તારીખ : ૨૯/૦૩/૨૦૨૩ નાં રોજ બીપીએ હોસ્ટેલ માટે નૂતન સાધન આપવામાં આવ્યાં હતાં.

## સિલાઈ મશીન વિતરણ



યુનિસન ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તારીખ ૨૯/૦૩/૨૦૨૩ નાં રોજ સી.એસ.આર હેઠળ સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કંપનીનાં માલિકશ્રી નિતીનભાઈ અને તેમનાં પત્ની કલ્પનાબેન ઉપસ્થિત રહી સિલાઈ મશીન પ્રાપ્ત કરનાર લાભાર્થીઓને આશીર્વાદ આપ્યાં હતાં.

## તકતી અનાવરણ



ડૉ. જીત મહેતા બાલશાળા કેમ્પસ, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે દિવ્યાંગતા ધરાવતાં બાળકોનાં થેરાપીસ્ટ ઈન્ટરવેન્સ સેન્ટરમાં તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું આ સમારોહમાં દાતાશ્રી એડવોકેટ શ્રી પુનમચંદ શાહ અને શ્રીમતિ સુવર્ણાબેન વી. શાહ નામની તકતીનું અનાવરણ તા.૩૦ માર્ચ ૨૦૨૩ નાં રોજ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. દાતાશ્રીએ બીપીએની મુલાકાત તારીખ : ૨૩/૦૩/૨૦૨૩ નાં રોજ લીધી હતી અને ટ્રસ્ટીશ્રી સાથે ડાયરેક્ટરશ્રીઓએ આ યુનિટ વ્યવસ્થા અંગે ગહન ચર્ચા કરી હતી. આ દાતાશ્રીએ કુલ રૂ.૨ કરોડ દિવ્યાંગજનોનાં હિતાર્થે આપ્યા હતા.



## વાલી તાલીમ કાર્યક્રમ



દિવ્યાંગ ભૂલકાઓનાં વાલીઓનો તાલીમ કાર્યક્રમ સામાજિક સુરક્ષા કચેરી દ્વારા તારીખ : ૨૩/૦૨/૨૦૨૩ નાં રોજ હિંમતનગર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં બીપીએ સંચાલિત બનાસકાંઠા સેન્ટરનાં પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરશ્રી વનરાજ સિંહ ચાવડાએ રાષ્ટ્રીય ટ્રસ્ટ અધિનિયમ તેમજ મુખ્ય યોજનાઓ "સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર" (એસ.એન.એ.સી) અંગે વિશેષ ખ્યાલ આપ્યો હતો.



## ફૂટબોલ ફેડરેશન



ભારતીય અંધ ફૂટબોલ ફેડરેશનની દક્ષિણ-પશ્ચિમ ઝોનલ ટુર્નામેન્ટ સ્ત્રીઓ અને પુરૂષોની તારીખ : ૧૪/૦૪/૨૦૨૩ થી તા. ૧૬/૦૪/૨૦૨૩ સુધી તિરૂવંતપુરમ કેરલ ખાતે યોજાય હતી. આ રમતમાં બીપીએની મહિલા ટીમે ગોલ્ડ અને પુરૂષ ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો.


## રાષ્ટ્રીય પેરાટેબલ ટેનિસ



ઈન્દોર ખાતે રમાયેલ રાષ્ટ્રીય પેરાટેબલ ટેનિસમાં બીપીએનાં આઈ.ટી.આઈ ના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ રમત તારીખ : ૧૪/૦૩/૨૦૨૩ થી ૧૭/૦૩/૨૦૨૩ સુધી રમાઈ તેમાં શ્રી નૂરને સુવર્ણચંદ્રક અને શ્રી વિદ્યા તથા શ્રી શિતલ દરજીને કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત થયો હતો.



## ફૂટબોલ મેચ




બીપીએ દ્વારા આયોજીત સ્માર્ટ ગૃપ અને સેન્સ ઝેવિયર્સ હાઈસ્કુલનાં સહયોગથી દ્રષ્ટિહીન ખેલાડીઓ માટે આંતરિક "મૈત્રીપૂર્ણ " ફૂટબોલ મેચનું આયોજન તા.૨૫/૦૧/૨૦૨૩ નાં રોજ કર્યું હતું.

## કચ્છ ક્રિકેટ ટુર્નામેન્ટ

દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રાપર-કચ્છ, ગુજરાત ખાતે રમીને વિજેતા થયા હતા.



## બ્રેઈલમાં શ્રીમદ્ ભાગવત ગીતા



બીપીએમાં તારીખ : ૦૬/૦૪/૨૦૨૩ નાં રોજ ઈસ્કોન મંદિરનાં પ્રમુખશ્રી ચૈતન્ય પ્રભુનાં વરદ્ હસ્તે બ્રેઈલમાં તૈયાર કરવામાં આવેલી શ્રીમદ્ ભાગવત ગીતા વિદ્યાર્થીઓનેભેટ આપવામાં આવી હતી. આ આવૃતિ ઈફકોનાં સૌજન્યથી તૈયાર કરવામાં આવી હતી.

## ઈવેન્ટ



“નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓસનોગ્રાફી એલોન” સાથે (એન્જીનીરીંગ વિભાગ) ના શ્રી નિલેષ પી.આર.એલ. અમદાવાદથી તા. ૦૭/૦૩/૨૦૨૩ નાં રોજ બીપીએ મુલાકાતે આવ્યા હતાં. તેમાં શ્રી વિજયકુમાર મહંતો ડૉ. હરદેવી સી.કે. વરિષ્ઠ વૈજ્ઞાનિક શ્રીમતી વંદના કૃતિકર, (CSIR- AEE). ની ટીમ આવી હતી અને તેઓ દિવ્યાંગજનો દ્વારા તૈયાર કરવામાં આવતી વસ્તુઓથી અભિભૂત થયાં હતાં.

આ ટીમ દ્વારા બનાવેલી વિવિધ વસ્તુઓ નિહાળી તેઓએ સમગ્ર ભારતનાં વિભાગો માટે ખરીદવા ઈચ્છા વ્યક્ત કરી હતી.

## તાલીમ



“સેન્સ ઈન્ટરનેશનલ ” યુ.કેનાં ચેરમેનશ્રી રેક્સ શાહ દ્વારા ટીચર્સ ટ્રેનિંગનું ઉદ્‌ઘાટન તારીખ : ૨૩ થી ૨૫ માર્ચ -૨૦૨૩ નાં રોજ કરવામાં આવ્યું હતું. તેમાં શાળાનાં શિક્ષકશ્રીએ દિવ્યાંગજનોને કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે લક્ષ્યાંક સહ તાલીમ ગોઠવવામાં આવી હતી. આ તાલીમ માટે શિક્ષણાધિકારીશ્રીએ પરવાનગી આપી શિક્ષકોને તાલીમમાં હાજર રહેવા જણાવ્યું હતું.તેમજ દિવ્યાંગજનોનાં શિક્ષણ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ શુભેચ્છા પાઠવી હતી.

## એ.આઈ.સી.બી મીટીંગ



ઓલ ઈન્ડિયા કન્ફડરેશન ઓફ ધી બ્લાઈન્ડ દ્વારા આયોજીત અને એક્ઝીક્યુટીવ મેમ્બર્સ દ્વારા તારીખ: ૦૧/૦૪/૨૦૨૩ થી ૦૨/૦૪/૨૦૨૩ થી પ્રોજેક્ટ પ્લાનીંગ બજેટીંગ અમલીકરણ અને મૂલ્યાંકન સહિત વર્કશોપ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્કમમાં AICB નાં બોર્ડ સભ્યો માટે પ્રોજેક્ટ પ્રપોઝલ રાઈટીંગ માટે અને રિસોર્સ મોબીલાઈઝેશન ઉપરનું સંચાલન એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિની રાવલ અને ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોશી અને એડવોકેસી મેનેજરશ્રી કિન્નરી દેસાઈએ કર્યુ હતું.

## શ્રધ્ધાંજલિ



**શ્રી પ્રભાત ભોઈ**
**વિશિષ્ટ શિક્ષક**
**આઈ.ઈ.ડી.એસ.એસ**

સંમ્મિલિત શિક્ષણમાં એન.એ.બી. (સ્ટેટ બ્રાન્ચ) માં ફરજ બજાવતા વશિષ્ઠ શિક્ષકશ્રી ભોય પ્રભાત ઝેણાભાઈ તેમજ શ્રી રોહિત મેતબરસીંગ, ઓપ્ટ્રોમેટ્રીસ બીપીએ પોરેચા હોસ્પિટલમાં ફરજ બજાવતા યુવા કર્મચારીશ્રી બીપીએમાં સનિષ્ઠ અને પ્રમાણિક પણે પોતાની ફરજ અદા કરતાં હતા.

આ બંન્ને યુવાનું આકસ્મિક નિધન થતાં આ કરૂણ પ્રસંગે તેમના કુટુંબીજનોને ઘેરા આઘાતની લાગણીમાંથી બહાર આવવાની પ્રભુ શક્તિ આપે અને પ્રભુ તેઓનાં આત્માને શાંતિ અર્પે.



**શ્રી રોહિત મેતબરસિંગ**
**ઓપ્ટ્રોમેટ્રીસ્ટ**
**બીપીએ, પોરેચા હોસ્પિટલ**

**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106
**E-Mail**: gensecbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની , સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ

## ONLINE SUPPORT - A Click away

Now you can donate to BPA online, just click on http://www.bpaindia.org/donation.php we have tied up with PayU Gateway for online donation. We accept donation through Credit / Debit Card Also.

**You can Donate through** G Pay, Paytm

Give India : http://www.giveindia.org/m-31-blind-peoples-association-india.aspx

HDFC Online : https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

Voice of SAP : www.voiceofsap.org

Global Giving : http://www.globalgiving.org/projects/seeing-is-believing/

bpaindia.org/donate-with-razorpay

Positive Sight : http://www.bpaindia.org/PS.htm

Pan India donation to BPA

Danamojo: http://www.bpaindia.org/danamojo.php

Milaap:https://milaap.org/fundraisers/support-education-and-rehabilitation-services-to-children-with-disabilities